# <u>શાળા પ્રવેશોત્સવ - સરકાર અને સમાજની સિદ્ધિ</u>

આ અઠવાડિયામાં તા.૧૩ થી ૧૫ ગુજરાત રાજ્યમાં પ્રવેશોત્સવ ઉજવવામાં આવશે. જેમાં પ્રાથમિક શાળામાં પ્રવેશ માટે લાયકાત ધરાવતા તમામ બાળકોને વિશિષ્ટ રીતે શાળામાં પ્રવેશ આપવામાં આવશે. આઝાદીના ૫૮ વર્ષ પછી પણ ભારત પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે પૂરતી સફળતા પ્રાપ્ત કરી શક્યું નથી. ૧૯૭૦ સુધીમાં ભારતના તમામ બાળકોને પ્રાથમિક શિક્ષણ મફત અને સાર્વત્રિક આપવાનો હેતુ પૂર્ણ કરવાનો હતો, પરંતુ આજ સુધી તે શક્ય બન્યુ નથી. પ્રાથમિક શિક્ષણનો અંતિમ ઉદેશ ત્યારે જ સિધ્ધ થયો કહેવાય જ્યારે પ્રવેશપાત્ર લાયકાત ધરાવતા તમામ બાળકો ધો.૧ માં પ્રવેશ મેળવે અને અધવચ્ચેથી શિક્ષણ છોડયા સિવાય ધો.૭ સુધીનું શિક્ષણ પૂર્ણ કરે.

ગુજરાત સરકારે આ વાતને સારી રીતે સમજીને પોતાના રાજ્યમાં પ્રાથમિક શિક્ષણ ક્ષેત્રે પૂરતી સફળતાના સ્વપ્નને સાકાર કરવા વિવિધ કાર્યક્રમો આપ્યા છે અને ચોક્કસ નીતિ બનાવી છે. સરકારે જ્યારે આ કાર્યક્રમો અમલમાં મૂક્યા ત્યારે કેટલાક લોકો દ્વારા તેની સફળતા માટે શંકા સેવવામાં આવેલ. આમછતાં સરકારે સમાજને સાથે રાખી સરકારી કર્મચારીઓને ભરઉનાળે ગામડામાં સતત ત્રણ દિવસ મોકલીને કાર્યક્રમો ચાલુ રાખ્યા જેને સરકારનું સાહસ ગણાવી શકાય. “સાહસ વગર સિદ્ધિ નથી“ તે ઉક્તિ મુજબ સરકારને પણ આ સાહસને અંતે સિદ્ધિ પણ પ્રાપ્ત થઇ.

પ્રાથમિક શાળામાં લાયક તમામ બાળકો પ્રવેશ મેળવે તે માટે શાળાના કર્મચારીઓ ઘેર ઘેર જઇને કુમકુમ-તિલક કરી ગોળધાણા ખવડાવી બાળકોનું અભિવાદન કરે છે. ત્યારબાદ શણગારેલા ઊંટ-બળદગાડા કે ટ્રેકટરમાં વાજતે ગાજતે વરઘોડા સ્વરૂપે તેમને શાળામાં લાવવામાં આવે છે.શાળામાં આવીને દરેક બાળકનું ફરીથી સ્વાગત કરીને તેમનું નામ જી.આર.માં લખવામાં આવે છે. આ સમયનું વાતાવરણ અનેરું આનંદભર્યું હોય છે.

અમદાવાદમાં તા.૭-૮-૯ ના રોજ ગુજરાત વિદ્યાપીઠ ખાતે એક ઇન્ટરનેશનલ સેમિનાર યોજાઇ ગયો. જેમાં ગુજરાતના શિક્ષણમંત્રીશ્રીએ આંકડા આપતાં કહ્યું હતું કે, દસ વર્ષ પૂર્વે જ્યારે શાલા પ્રવેશોત્સવ કાર્યક્રમની શરૂઆત કરી ત્યારે ગુજરાતમાં શાળામાં પ્રવેશપાત્ર બાળકોમાંથી ૭૫ ટકા બાળકો પ્રવેશ લેતા હતા. જેમાંથી ધોરણ પાંચ સુધી ૨૦ ટકા બાળકો શાળા છોડી દેતા હતા અને ધોરણ સાત સુધીમાં ૩૬ ટકા બાળકો શાળા છોડી દેતા હતા. પણ શાળા પ્રવેશોત્સવ શરૂ કર્યા બાદ ગત વર્ષના આંકડા મુજબ શાળામાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓની સંખ્યા ૯૯ ટકા જેટલી છે, જેમાંથી શાળા છોડી દેનાર ધોરણ પાંચ સુધીના બાળકોની સંખ્યા અગાઉ જે ૨૦ ટકા હતી તે ઘટીને ૨ ટકા થઇ છે, જ્યારે ધોરણ સાત સુધીમાં અગાઉ જે ૩૬ ટકા હતી તે ઘટીને ૭ ટકા જેટલી થઇ છે. હજુ આ ટકાવારીમાં ઘટાડો કરવો તે સરકાર અને સમાજની માત્ર ફરજ જ નહીં એક ઉદેશ - નિર્ધાર હોવો જોઇએ. શાળામાં પ્રવેશ પાત્ર તમામ ૧૦૦ ટકા બાળકોને પ્રવેશ અપાવવો એ સરકારની નેમ છે, જેમાં સરકાર સમાજનો સહયોગ માંગી રહી છે.

શાળા પ્રવેશોત્સવ દરમિયાન તમામ બાળકો શાળામાં પ્રવેશ મેળવે, પણ સાથે કન્યા કેળવણીને પણ ઉત્તેજન આપવાની વાત છે. આ કામ સરકાર એકલા હાથે કરવા માંગે તો તેમાં ધારી સફળતા ન પણ મળે, તે વાત સરકાર સારી રીતે સમજે છે, માટે જ સરકાર આ કાર્યક્રમ લોકભાગીદારીથી – સમાજના સહયોગથી કરે છે. દરેક બાળકો શાળામાં પ્રવેશ મેળવે અને અધવચ્ચેથી ઉઠી ન જાય તે જોવાની જવાબદારી માત્ર સરકારની નથી, હકીકતમાં આ જવાબદારી વાલીની છે. વાલી એટલે કે સમાજ. સમાજે સરકારના આ કાર્યક્રમમાં વિશ્વાસ મૂકી પૂરા તન-મન-ધનથી સહયોગ આપવો જ જોઇએ. જો કોઇ વાલી આ હકીકત સમજી શેકે તેમ ન હોય તો અન્ય વાલીએ જે તે વાલીને સમાજાવીને તેના બાળકને શાળામાં મૂકવામાં પૂરતી મદદ કરવી જોઇએ. આવા કાર્યક્રમ દરમિયાન સરકારી રીતે ખર્ચ પણ થતા હોય છે, આ ખર્ચ બીજી રીતે જોઇએ તો આમજનતાના જ પૈસા છે, ત્યારે

સરકાર જો લોકભાગીદારી માટે હાથ લંબાવતી હોય તો આર્થિક રીતે સશક્ત લોકોએ પોતાના નામ થકી પણ ઉદાર હાથે આર્થિક મદદ કરીને બાળકોના ભણતરના નામે ઉદાર હાથે દાન આપવું જોઇએ. આ દાન કદાચ મંદિરમાં ભગવાનને ધરાવેલ ભોજનતાળ કરતાં પણ વદારે પુણ્ય આપશે.

સરકારના પ્રયત્નોમાં ક્વિશ્વાસ મૂકી તેને વદાવી શક્ય તેટલો સહકાર સમાજે આપવો જોઇએ. એક હાથે તાલી ન પડે તે ઉક્તિ મુજબ સૌ લોકોએ આ પુણ્યના કામમાં જોતરાઇ જવાની જરૂર છે. અત્યારે જ્યાં સ્ત્રી સાક્ષરતા દર ૩૫ ટકા કરતાં પણ નીચો છે તે વિસ્તારની દીકરીઓને વિદ્યાલક્ષ્મી બોન્ડ આપવામાં આવે છે.  જે બાળક શાળામાં ધોરણ-૧ માં પ્રવેશ લેવા આવે છે, તેનું વિશિષ્ટ રીતે સ્વાગત કરીને એક આત્મીય ભાવ ઊભો કરવામાં આવે છે. આ માટે શાળામાં વિશિષ્ટ પ્રકારના કાર્યક્રમો યોજવામાં આવે છે, તથા તેને વિશિષ્ટ પ્રકારના ગમતા રમકડાં કે અન્ય સાધનો આપવામાં આવે છે, જેથી તેને શાળાનું વાતાવરણ ગમે. ગરીબવર્ગના બાળકોને જરૂરી શૈક્ષણિક સાધનો અન્વસ્તુઓ મફત આપવા માટે લોકસહયોગ લેવામાં શિક્ષકો રચ્ચાપચ્ચા રહે છે. શાળામાં આ કાર્યક્રમોનું સંચાલન શાળાના બાળકો દ્વારા જ કરવામાં આવે છે સાથે વૃક્ષારોપણ પણ કરવામાં આવે છે.

શાળાપ્રવેશોત્સવને સફળ બનાવવા અને સમાજને વધુમાં વધુ જોડવા માટે દરેક જિલ્લાના પ્રાથમિક શિક્ષણાધિકારીથી માંડીને શાળાના તમામ શિક્ષકો અત્યારે રાતદિન એક કરી રહ્યાં છે. આપણાં શિક્ષણમત્રી પણ આ માટે ઉજાગરા કરી રહ્યાં છે. તમામ લોકો ઇચ્ચે છે કે, આ વાત ગુજરાતના દરેક વ્યક્તિ સુધી પહોંચે અને સહયોગ આપે. પણ દુ:ખ સાથે કહેવું પડશે કે ગુજરાત રાજ્યની પ્રાથમિક શિક્ષણની જવાબદારી જેમના શિરે છે એવા પ્રાથમિક શિક્ષણના અગ્રસચિવ બહેનશ્રી સાથે ફોન પર વાત કરી અને બે વાર એસ.એમ.એસ. કરીને વિગતો માંગી, પણ તેમને આ બાબત માટે સમય નથી કે રસ નથી માટે આજદિન સુધી તેમને કોઇ માહિતી આપી નથી. તેમનામાં આ બાબતે ઉત્સાહ જેવું જણાયું નહીં, છતાં પ્રવેશોત્સવ સફળ થશે તો તેને માટે અભિનંદનીય હશે તો તે દરેક જિલ્લાના શિક્ષણાધિકારી અને શિક્ષકો. હા , શિક્ષણમંત્રીના દિલમાં સચ્ચાઇ છે, તેઓ ચિંતિત છે, તેમને દરેક બાળકોને શાળામાં પ્રવેશ અપાવવાની હોંશ છે તેવું રૂબરૂ મુલાકતામાં લાગ્યું. અંતે આવો સૌ સાથે મળી શાળામાં પ્રવેશપાત્ર સૌ બાળકોને પ્રવેશ અપાવાની આ ઝુંબેશ કે ઉત્સવમાં જોડાઇ સામાજિક ઋણ અદા કરીએ.

આ વર્ષે સમાજને વધુ જોડવાના ઇરાદાથી એક નવો પ્રયોગ પણ થઇ રહ્યો છે. કે જે અધિકારી આઇ.એસ. કે આઇ.પી.એસ. કે અન્ય લાયકાત ધરાવનાર ।ધિકારી જ્યારે કોઇ ગામડાની શાળામાં જાય ત્યારે તેમની સાથે તેમના કુટુંબીજનો કે અન્ય પરિચિત વ્યક્તિઓને પણ લઇ જશે. જેથી એક લાગણીભર્યું – ઉષ્મા ભર્યું વાતાવરણ ઊભું થાય. ઉપરાંત આવા કુટુંબો કોઇ શાળાને ખોળે લે તો જે તે શાલાને ગામને ફાયદો જ છે. આ પણ લોકસહયોગ મેળવવાનો એક નવો અભિનંદનીય વિચાર છે.